જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૧/૨૦૧૫ સોમવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૧૭૦/૧૫**

**ચોરીના રવાડે ચડેલ કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરની નજરકેદ કરી**

**ચોરીનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર એસઓજી ક્રાઇમબ્રાન્ચ**

નાયબ પોલીસ કમિશ્નર શ્રી હિમાંશુ શુકલા ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમીશનર શ્રી બી.સી.સોલંકી, એસઓજી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સપેકટર બી.ડી.જાડેજા એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ મીલકત સંબધી બનેલ ગુના શોધી કાઢવા તેમજ નાસતા ફરતા આરોપીઓને પકડવા આપેલ સુચના મુજબ અમદાવાદ શહેર વિસ્તારમાં પો.સ.ઇ. શ્રી એ.કે.વડીયા નાઓ તથા સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન પેટ્રોલીંગ ફરતા ફરતા વેજલપુર સોનલ ચાર રસ્તા ઉપર આવતા સાથેના એ.એસ.આઇ. બશીરઅહેમદ અબ્બાસમીયાં તથા પો.કોન્સ. અનવરખાન પીરખાન નાઓની સંયુક્ત બાતમી હકીકત આધારે અનવર શેખ (નામ બદલ્યું છે) ઉવ.૧૭ રહે, સૌદાગરની પોળ, કાલુપુર, અમદાવાદ નો મળી આવેલ. જેને એક્ટીવા બાબતે પુછતાં તેણે આ એક્ટીવા દરિયાપુર લીમડી ચોક પાસેથી આશરે એક માસ અગાઉ લીધેલાનું અને એક્ટીવા નંબર GJ 01 MN 3206 નો હતો જે બદલી એક્ટીવા નંબર GJ 24 H 9937 લખાવેલાનું જણાવેલ. જેથી સદર બાબતે દરિયાપુર પોલીસ સ્ટેશન તપાસ કરાવતાં દરિયાપુર પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૫૩/૧૪ ધી ઇપીકો કલમ ૩૭૯ મુજબનો ગુનો નોંધાયેલાનું જણાયેલ અને પકડાયેલ તારીક બાળ કિશોર હોય જેથી તેનું તેના માસા મુનવરભાઇ અહેમદહુસૈન શેખ રૂબરૂ નિવેદન લઇ તેઓને સોંપેલ છે. ઉપરોક્ત એક્ટીવા ની કિ.રૂ.૩૦,૦૦૦/- ગણી સીઆરપીસી કલમ ૧૦૨ મુજબ પંચનામા વિગતે તપાસ અર્થે કબ્જે કરવામાં આવેલ છે. આગળની તપાસ દરિયાપુર પો.સ્ટે. તરફ સોપેલ છે.

**વટવા પો સ્ટે.:-**

(૧).વટવા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.ન. ૨૪/૨૦૧૫ ઇપીકો ૩૦૨,૩૬૩,૨૦૧,૧૧૪, તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫ (૧) મુજબ ગુનાના કામે આરોપી (૧) રામદેવ બ્રીજલાલ ચૌહાણ ઉ.વ.૨૫ રહે.મ.નં.૧૧૬ ભગવતીનગર બચુભાઇનો કુવો વટવા અમદાવાદ મુલ વતન ૧૩૧ બસપાકપુર થાના સતે તહસીલ ગૌરીગંજ જી.અમેઠી યુ.પી.ને ઉપરોકત ગુન્હાના કામે તા.૨૫/૦૧/૨૦૧૫ ના કલાક ૧૬/૩૦ વાગે અમોએ પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે હાલમાં તપાસ ચાલુ છે.

(૨). વટવા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.ન. ૨૫/૨૦૧૫ ઇપીકો કલમ ૩૦૪અ, ૨૭૯ એમ.વી એક્ટ કલમ ૧૭૭ ,૧૮૪ ૧૩૪બી મુજબના ગુનાના કામે આરોપી (૧) દિનેશભાઇ S/O તાજેંગજી પાટીદાર ધંધો.ડ્રાયવીંગ રહે. રામવાડી ટેકરા ના છાપરા ઇશ્વરભાઇ ગૌતમભાઇ પટેલ ના મકાનમાં રામમંદીરની બાજુમાં ઇસનપુર અમદાવાદ મુળ ગામ .ખેરમાલ તા.આસપુર જી.ડુંગરપુર રાજસ્થાન નાને ઉપરોકત ગુન્હાના કામે તા.૨૫/૦૧/૨૦૧૫ ના કલાક ૨૦/૩૦ વાગે પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે હાલમાં તપાસ ચાલે છે

નાયબ પોલીસ કમિશનર

કંટ્રોલરૂમ, અ'વાદ શહેર

પોલીસ કમિશનર વતી.